**પ્રશ્ન**:-શિક્ષકો દ્વારા જણાવવામાં આવેલ સમસ્યાઓ માંથી પાંચમા ક્રમની મુખ્ય અને સૌથી વધુ શાળામાં જોવા મળતી સમસ્યા છે કે, વાલીઓ કન્યા શિક્ષણ પ્રત્યે જાગૃત નથી.કન્યાઓને ફક્ત પ્રાથમિક શિક્ષણ મળે અથવા અમુક સમાજની કન્યાઓને પ્રાથમિક શિક્ષણ પણ મળતું નથી .

આ સમસ્યાના નિવારણ માટે આપના દ્વારા કરવામાં આવેલ પ્રવૃત્તિ જણાવો.

**તારણ**: શિક્ષકેઆપેલજવાબમાંથીશ્રેષ્ઠજવાબનીચેમુજબછે. જવાબઆપવાનીસાથેજવાબઆપનારશિક્ષકનુંનામઅનેમોબાઈલનંબરપણઆપેલછે.

- કન્યાઓ દ્વારા સાંજના સમયે ગામના ચોરે અથવા શાળામાં કન્યા શિક્ષણને મહત્વ આપતા નાટકતથા રેલીઓ કાઢવી અને કન્યાને ભવિષ્યમાં શું અભ્યાસ કરવો તેનું તજજ્ઞની મદદથી માર્ગદર્શન આપતા કાર્યક્રમો ગામજનોની હાજરીમાં કરવામાં આવે છે.(બીજલબેન લીંબાચીયા-ભાવનગર-8153092336,જયેશભાઈ પંચારા-બોટાદ-8140400489,હિતેશભાઈ સોલ્ય-ડાંગ-9408190197,પ્રવીણભાઈ ખાચર-સુરેન્દ્રનગર-7567299909,દિલીપસિંહ વાઘેલા-ખેડા-8140008225,અરવિંદભાઈ ભોજાણી-ભાવનગર-9879970065,મહેશકુમારપ્રજાપતી-પાટણ-9099026960,અત્તામોહંમદપરસરા-મોરબી-9974693538,જીગ્નેશભાઈ રાઠોડ-સુરત-9033565586)
- શાળામાં જે કન્યાઓ કોઈ કારણસર ગેરહાજર રહેતી હતી તેમના વાલીને વર્ગશિક્ષક દ્વારા રીસેશના સમયમાં વાલી મુલાકાત રાખવામાં આવતી હતી અને તેમનું ગેરહાજરી અંગે ચર્ચા કરીને કન્યા શિક્ષણનું મહત્વ સમજાવવામાં આવે છે તથા શાળા દ્વારા માતૃસંમેલન, બેટી પઢાવો અને માતા-દીકરી સંમેલન યોજવામાં આવે છે.(ચિરાગભાઈ ઝાલા-અમદાવાદ-9913771188,ભુપતભાઈ દલવાડી-બનાસકાંઠા-8140702549,રમેશભાઈ સેંતા-ભાવનગર-9824819656,હીરાભાઈ ભરવાડ-સુરત-9925137702)
- કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સરકારશ્રી તરફથી મળતી સહાય વિષે તેમના વાલીને માહિતગાર કરવા માટે સાંજના સમયે મિટિંગ રાખવામાં આવે છે અને કોઈ વાલી કન્યા શિક્ષણ ને આર્થિક રીતે પહોચી શકતા ના હોય તે કન્યાની ભલામણ ગામના જ કોઈ મોટા દાતા જોડે કરાવવામાં આવતી હતી જેથી તેમનો ખર્ચ દાતા આપી શકે.(વિઠ્ઠલભાઈ પટેલ-મહીસાગર-7575808855,પીયુશભાઇ વિરડીયા-અમરેલી-9925223987,લાલજીભાઈ ઠક્કર-કચ્છ-9913437363,કમલેશભાઈ ભટ્ટ-ભાવનગર-8141671778,અલ્પેશભાઈ નાયી-સાબરકાંઠા-9426563040)
- કિરણ બેદી, સુનીતા વિલિયમ્સ અને સાનિયા મિર્ઝા અને પી.ટી. ઉષા જેવી મહાન સ્ત્રી વિષે વાત વિદ્યાર્થીનીઓ અને તેમના વાલી જોડે કરવામાં આવે છે અને શિક્ષણ બાબત ચર્ચા-વિચારણા કરવામાં આવેછે.(મનીષભાઈ સુથાર-ખેડા-9099172177,પ્રવીણભાઈ સુથાર-બનાસકાંઠા-9428980023,અમિતભાઈ ડાભી-રાજકોટ-9426269209,પંકજભાઈ પ્રજાપતિ-દાંતીવાડા-9428557463,રીનાબેન શાહ-આણંદ-9924250545)
- શાળામાં એક શિક્ષિકા બેન હોવા જોઈએ જેથી વિદ્યાર્થીનીઓ પોતાની મુશ્કેલી તેમને કહી શકે.(રજનીકાંતભાઈ પટેલ-બનાસકાંઠા-9974052199,પ્રવીણભાઈ સુથાર-બનાસકાંઠા)

પ્રશ્ન: જો આપે આપની શાળામાં ભૌતિક સુવિધાઓ પૂરી પાડવામાં કોઈ કાર્ય કરેલ હોય અને વિધાર્થીઓને તેનાથી શું ફાયદો થઈ રહ્યો છે તો તે જણાવો.

તારણ: શિક્ષકેઆપેલજવાબમાંથીશ્રેષ્ઠજવાબનીચેમુજબછે.
જવાબઆપવાનીસાથેજવાબઆપનારશિક્ષકનુંનામઅનેમોબાઈલનંબરપણઆપેલછે.

- શાળાનાવૃક્ષનીનીચેલોકસહકારથીબાંકડાઓમુક્યા. રીસેસનાસમયેબાળકો લાઈબ્રેરીના પુસ્તકોનું વાંચન કરે છે તેથી તોફાનની ફરિયાદો ઘટી અને બાળકોમાંવાંચન પ્રત્યે રસ વધ્યો છે.(બળવંતકુમાર સોલંકી-બોટાદ-9879398165)
- શાળાના આંગણમાં ૧૦૦થી  વધારે વુક્ષો શાળા અને ગામલોકોના સહકારથી ઉગાડવા આવ્યા છે.વિધાર્થીઓને કુદરતી વાતાવરણ મળવાથી વિધાર્થીઓ  રસપૂર્વક પ્રવુતિ સાથે શિક્ષણ મેળવે છે.(આકાશભાઈ દવે-અમરેલી-9426732630)
- “રુમઝુમ ૨૦૧૬ ” અંતર્ગત શાળામાં વાર્ષિક કાર્યક્રમમાં શાળાએ ગામલોકો અને દાતાઓ પાસેથી ૭૦,૦૦૦ નું દાન મેળવી શાળાને જરૂરી ભૈતિક સુવિધાઓ મેળવી.(નિકુંજભાઈ ભુત-ગીરસોમનાથ -9714480964)
- શાળામાં હિન્દી  દિવસ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું.આ દિવસે શાળામાં હિન્દી ભાષામાં વાતચીત,ટુકા એક પાત્ર્ય અભિનય અને નાટક હિન્દીમાં ભજવવામાં આવ્યા.ધોરણ ૬ થી ૮ ના બાળકોને ફરજીયાત સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવાનું કહેવામાં આવ્યું.સાથે વાલીઓને પણ શાળામાં આવવા આમંત્રણ આપવામાં આવ્યું.આ રીતે લોકફાળો મેળવી શાળામાં બાળકોને ભૌતિક સુવિધા પૂરી પાડવામાં આવી.(અમિતકુમાર સોની-મહેસાણા-9510209616)
- “દત્તક વુક્ષ” અંતર્ગત બાળકો,શિક્ષકો,એસ.એમ.સી. સભ્ય અને ગામલોકો દ્વારા શાળાના આંગણમાં રહેલા વુક્ષો દત્તક અલી તેની સારસંભાળ રાખવા આવે છે.આ રીતે શાળાના બાળકોને કુદરતી વાતાવરણ પૂરું પાડવામાં આવે છે.(મિતુલકુમાર પટેલ-પાટણ-9724641090)
- શાળામાં વિષયવાઈઝ વર્ગ વ્યવસ્થાકરવામાં આવી જેમાં બાળકો વર્ગ બદલીને અભ્યાસ કરતા.જેમાં વિજ્ઞાનનો વર્ગ,ગણિતનો વર્ગ,સમાજીક વિજ્ઞાનનો વર્ગ,ભાષાનો વર્ગ વગરે વર્ગમાં રસ પૂર્વક આભ્યાસ કરતા.આ વર્ગ બનાવાવા માટે શાળા પુસ્તકાલય અને દાતાઓના દાનનો ઉપયોગ કરવામાં આવતો.(ભગુભાઈ દેસાઈ-સુરેન્દ્રનગર-9737158303)
- "મારો કાગળ મારું ન્યૂઝપેપર" અંતર્ગત દરેક વર્ગમાં એક બોક્ષ રાખવામાં જેમાં દરેક બાળક પોતાનો નકામો કાગળ ડૂચોવાળ્યા વગર આ બોક્ષમાં નાખે છે.જે વર્ગમાં ઓછામા ઓછા કાગળ હોય તેમને શ્રેષ્ઠ વર્ગ જાહેર કરવામાં આવેછે.આ કાગળમાથી શાળામાં નિયમિત ન્યુઝ પેપર આવે છે.( રમેશકુમારખંભાળિયા-બોટાદ-9714486053)
- ગામમાં કોઈ લગ્ન પ્રસંગ દરમિયાન ગામલોકોને શાળાની જરૂરિયાત કહી ભૌતિક સુવિધાઓ માટે દાન મેળવીએ છીએ.(જિતેન્દ્રભાઈ કનેજિયા-ભાવનગર-9879356515)